# અરવલ્લીમાં અઢળક એટીએમ મશીન શોભાના ગાંઠીયા સમાન



મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકા સહિત મોટાભાગના મથકોએ આવેલા એટીએમ મશીનોમાં કેશ નહી હોવાના લીધે સામાન્ય લોકોને નાણાંકીય લેવડ-દેવડમાં ભારે હાલાકી વેઠવી પડી રહી છે. મોડાસા શહેરના માલપુર રોડ ઉપર એક બેન્કનું એટીએમ મશીન છેલ્લા કેટલાક સમયથી માત્ર શોભાના ગાંઠીયા સમાન છે. આ મશીનની કેશ વિન્ડોમાં કેશ નથી તેવું પાટીયુ લગાવાઈ દેવાતા લોકો અહીં પૈસા ઉપાડવા માટે આવે છે અને પાટીયુ જોઈ પાછા ફરે છે.

કેન્દ્ર સરકારે ગઈ તા. ૯મી નવેમ્બરના રોજ રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટોને વ્યવહારમાંથી રદ કર્યાના નિર્ણય બાદ આજે પણ લોકોને બેંકો તથા એટીએમ મશીનોમાંથી નાણા મેળવવા માટે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ક્યાંક બેંકોમાં સવારથી જ લાંબી કતારો તો ક્યાંક એટીએમ મશીનો કેશ લેસ હોવાથી સરકારના કેશલેસ ઈન્ડીયાના સ્વપ્નના લીરેલીરા ઉડી રહ્યા હોય તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

અરવલ્લીના મોડાસા શહેરના માલપુર રોડ ઉપર આવેલ બેંકના એટીએમ મશીનમાં છેલ્લા કેટલાય સમયથી કેશ નહી હોવાથી અને સવારથી એટીએમનું શટર તો ખોલી દેવાય છે પરંતુ કેશ ભરવામાં આવતી નથી તેથી અહીં એટીએમ કાર્ડ લઈને આવનાર ગ્રાહક મશીન ઉપર કેશ નથી તેવું વાંચીને પરત ફરી જાય છે ત્યારે પ્રધાનમંત્રીના કેશલેસ ઈન્ડીયાના સ્વપ્નમાં જિલ્લામાં મોટા ભાગના એટીએમ મશીનો કેશ લેસ હોવાથી પાણી ફરી જાય તેવું વર્તાઈ રહ્યું છે.

## અરવલ્લીમાં ભાજપ સમર્પિત નવા સરપંચો સભ્યોનો અભિવાદનથી સમારોહ યોજાશે

મોડાસા, તા. ૪

તાજેતરમાં રાજ્યના ભાજપ સમર્પિત સરપંચોનો અને સભ્યોનો ગાંધીનગરમાં ગયા રવિવારે પ્રદેશ કક્ષાએ મુખ્ય પ્રધાનની ઉપસ્થિતિમાં અભિવાદન સમારોહ યોજાયા પછી હવે દરેક જિલ્લામાં પણ આવા કાર્યક્રમો યોજવાના ભાગરૂપે અરવલ્લી જિલ્લામાં પણ દરેક વિધાનસભા દીઠ એક સમારોહ યોજવાનું નક્કી કરાયું છે.

અરવલલી જિલ્લામાં પણ ત્રણ વિધાનસભા ક્ષેત્રોમાં એક વિધાનસભા દીઠ એક કાર્યક્રમ એ રીતે ત્રણ વિધાનસભા ક્ષેત્રોમાં તા. ૬ થી ૮ સળંગ ત્રણ દિવસના અભિવાદન સમારોહ જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીની ઉપસ્થિતિમાં નક્કી થતા આ અંગે જિલ્લા ભાજપ મહામંત્રી શામળભાઈ પટેલે વિગતવાર આપેલી વીગતો મુજબ મોડાસા વિધાનસભા ક્ષેત્રના બે તાલુકા મોડાસા અને ધનસુરા માટે તા. ૬ ને શુક્રવારે સવારે ૯ કલાકે સાબલપુર કિસાન કોલ્ડ સ્ટોરેજ ખાતે ભિલોડા અને મેઘરજ તાલુકાઓ માટે શામળાજીમાં ૭મી એ શનિવારે સવારે ૯ કલાકે ગાયત્રી મંદિર નજીક પંચાલ સમાજ ધર્મશાળામાં અને બાયડ તેમજ માલપુર તાલુકાઓ સરપંચો-સભ્યોના અભિવાદન માટે ૮મીને રવિવારે સવારે ૯.૩૦ કલાકે બાયડના વારેણાં આશ્રમ શાળા ખાતે કાર્યકમો યોજાશે.

# દિયોદર પંથક માં ૭ લાખથી વધુની લૂંટ કરનારા ઝડપાયા

બનાસકાંઠા માં ૨ દિવસ પહેલા સ્પેશ્યલ ૨૬ ફિલ્મ ની સ્ટાઈલમાં બનાસકાંઠા ના દિયોદર માં ૭ લાખ થી વધુ ની ઠગાઈ થઇ હતી જો પોલીસે ૬ લાખ થી વધુ ના મુદ્દામાલ સાથે ૬ આરોપીઓને ઝડપી લઇ ઠગાઈ ની મોરસ ઓપરેન્ડી જાહેર કરી હતી

બે દિવસ પહેલા દિયોદર ના ડુચકવાડા ગામે સાંજ ના સમયે નકલી ઈન્કમટેક્ષ ઓફિસર બની સ્થાનિક કરિયાણા ના વેપારી પ્રવીણભાઈ શાહ ના ઘરમા ઘૂસી ડુપ્લીકેટ ઈન્કમટેક્ષ નુ કાર્ડ,રીવોલ્વર બતાવી રોકડ રકમ સહીત સોનાચાંદી દાગીના મળી કુલ ૭ લાખ થી વધુનો મુદ્દામાલ લઈ ફરાર થઈ જતા દિયોદર પોલીસ મથકે જાણ કરાઈ હતી જેના પગલે પોલીસે નાકાબંધી કરી વધુ તપાસ હાથ ધરી હતી.દિયોદરના ડુચકવાડા ગામ મા નકલી ઈન્કમટેક્સ ઓફિસર ની રેડ કરી ૭ લાખ થી વધુ રેડ થતા જિલ્લા પોલીસ સહીત તેની વિવિધ ટુકડીઓ સમગ્ર ઘટના સહીત આરોપીઓને



ઝડપી લેવા કામે લાગી હતી જેમાં આજે તેને સફળતા મળી છે તેમજ સમગ્ર નકલી ઈન્કમટેક્સ ઓફિસરો પોલીસ ના હાથે ઝડપાઇ ગયા છે। જેમાં સ્થાનિક લોકો ની મીલીભગત હોવાનું ધ્યાને આવતા પોલીસે કાંકરેજ ના ટીમ્બી ગામે રહેતા ભરત જોશી ની હકીકત મેળવી ટીના જોશી ના ઘરે થી ૨ આરોપીઓને ઝડપી લેતા સમગ્ર મોડસ ઓપરેન્ડી ખુલ્લી પડી હતી જેમાં ડુચકવાડા ગામના જ નરેશભાઈ સોની દ્વારા ટેલિફોન થી બોલાવી ગામનાજ અન્ય ૪ આરોપી દ્વારા ઈન્કમટેક્સ ઓફિસર ના નામે છેતરપિંડી કરવાનું નક્કી કર્યું હતું તેમજ પ્લાન મુજબ ડુચકવાડા માં પ્રવીણભાઈ શાહ ના ઘરે નકલી રેડ કરી ૭ લાખ થી વધુ ની છેતરપિંડી કરી ફરાર થયા હતા જો કે પોલીસે આજે ૬ લાખ થી વધુની કિંમત ના મુદ્દામાલ સાથે અલ્ટો કાર કબ્જે કરી હતી

એક તરફ નવા વર્ષ નો પ્રથમ દિવસ તો બીજી તરફ દિયોદર માં ફિલ્મમાં બતાવેલ ટેક્નિકના આધારે ૭ લાખ થી વધુ ની છેતરપિંડી કરનારા આરોપીઓ પૈકી ભરત જોશી લૂંટ તેમજ અપહરણ ના કેસ માં અગાઉ ૫ ગુના માં સંડોવાયેલ છે તેમજ હજુ બે આરોપીઓ ફરાર છે જો કે પોલીસ દ્વારા ટૂંક સમય માં છેતરપિંડી ની ફિલ્મી સ્ટાઈલ મીડિયા આગળ ખુલ્લી મૂકી છે જો કે હજુ બે આરોપી ફરાર છે તેમજ તેમને પણ ઝડપી લેવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે



ભિલોડામાં શંખપદ્મ શિષ્ય સ્નેહમિલન મહંત મોહનદાસજી મહારાજ શિષ્ય મંડળ પંચમ શિષ્ય સ્નેહમિલન અને કંઠી દિક્ષા સમારોહ તા. ૧/૧/૨૦૧૭ ને રવીવારના રોજ યોજાયો હતો.સંત પરમ પુજ્ય મોહનદાસ મહારાજની ઉપસ્થિતીમાં પંચમ શિષ્ય સ્નેહમિલન,કંઠી દિક્ષા સમારોહ યોજાયો હતો.આ પ્રસંગે હરીહર શિષ્ય મંડળ,ભિલોડા વિભાગ ધ્વારા પરમ પુજ્ય મોહનદાસજી મહારાજની શોભાયાત્રા કાઢવામાં આવી હતી.ભિલોડામાં પંચમ શિષ્ય સ્નેહમિલન સમારોહમાં સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાના કચ્છી પાટીદાર સમાજના શિષ્યગણો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શન અને મહાપ્રસાદીનો લાભ લીધો હતો.ભાવિક ભક્તોમાં આનંદની લાગણી પ્રસરી હતી.ભિલોડામાં શંખપદ્મ શિષ્ય સ્નેહમિલન અને કંઠી દિક્ષા સમારોહ કાર્યક્રમને સફળ બનાવવા હરીહર શિષ્ય મંડળ ભિલોડા વિભાગ અને કચ્છી પાટીદાર સમાજના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## વિસનગર તાલુકાના ખંડોસણ ગામે કેશેલેસ વર્કશોપ યોજાયો

મહેસાણા જિલ્લાની વિસનગર એમ.એન.કોલેજના એન.એસ.એસની વાર્ષિક શિબીર ખંડોસણ ગામે યોજાઈ હતી. આ શિબીરની થીમ કેશલેસ-ડિજીટલ બેન્કીંગ અને સ્વચ્છ ભારત અભિયાન છે. આ શિબિર પ્રસંગે અધિક નિવાસી કલેકટર રમેશ મેરજા ઉપસ્થિત રહ્યા હતા.

આ શિબીર પ્રસંગે ઉપસ્થિત અધિક કલેકટર રમેશ મેરજાએ જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લો કેશલેસ-ડિજીટલ બને તે દિશામાં વહીવટીતંત્ર દ્વારા પ્રયાસો થઈ રહ્યા છે. કેશલેસની કામગીરીમાં સામાજિક સંગઠનો, યુવાનો સહિતના લોકો કામ કરી રહ્યા છે.

# અંબાજી-આબુરોડ બેહાલ થતા પર્યટકો હેરાન : વાહનોને થાય છે ભારે નુકશાન

યાત્રાધામ અંબાજી થી માઉન્ટ અબુ જતા માર્ગ પર અંબાજી આબુરોડ વચ્ચેનો ૨૦ કિલોમીટર નો માર્ગ બેહાલ બન્યો છે. આ માર્ગ કદાચ ૩૦,૩૫ વર્ષ અગાઉ પાકો બન્યો હશે. ને ત્યાર બાદ ક્ષતિગ્રસ્ત બનતા આ માર્ગ પર માત્ર હલકી ગુણવત્તા વાળા ડામરના થીગડાં મારી હમણાં સુધી આ માર્ગ ને રામભરોસે ચલાવી રખાયું છે. એટલુંજ નહિ ૨ વર્ષ અગાઉ પડેલા ભારે વરસાદ ના પગલે અંબાજી અબુ રોડ વચ્ચેનો કેટલોક ભાગ પાણી માં ગરકાવ થયો હતો. અને તેના પગલે આ માર્ગ પાર અનેક ઠેર ઠેર ખાડાઓ પડ્યા છે. રાજસ્થાન નું કાશમીર કહેવાતું માઉન્ટ આબુ જ્યાં વર્ષે ગુજરાત માંથી લાખો પર્યટકોની અવાર જવર રહે છે. અને બીજીતરફ વિશ્વવિખ્યાત યાત્રાધામ અંબાજી જ્યાં રાજસ્થાન થી લખો શ્રદ્ધાળુઓ અંબાજી આવતા હોય છે. ને સાથે રાજસ્થાન સરકારના મંત્રીઓ સહીત અનેક અધિકારીઓ આ અબુ રોડ ના માર્ગે અંબાજી દર્શન આર્થે આવે છે. પણ તેમના પેટનું પાણી હલવા છતાં આ માર્ગો નું નવીની કરણ કરવામાં આવતું નથી. જેને પગલે પર્યટકોની મોગી દાટ કારોને ભારે નુકશાની વેઠવી પડે છે. જે ૨૦ કિલોમીટર નો માર્ગ કાપવામાં ૧૫ થી ૨૦ મિનિટ થવી જોઈએ તેના બદલે પોણાથી ૧ કલાક નો સમય આ રસ્તો પસાર કરવામાં સમય લાગે છે. ના છૂટકે ગણી વાર પર્યટકો રસ્તાના બેહાલ જોઈ રાજસ્થાન સરકારની નિંદા પણ કરતા હોય છે. ગુજરાત સરકાર દ્વારા લખો રૂપિયાના ખર્ચે તાજેતરમાંજ અંબાજી થી છાપરી સુધીનો ૫ કિલોમીટર જેટલો માર્ગ નું નવીની કરણ કરવામાં આવ્યું છે. પણ રાજસ્થાન સરકાર ની આ રોડ જોઈને આખો ખુલતી નથી. ને પર્યટકો ની નિંદા રૂપ બની રહી છે. આ માર્ગ પર રાજસ્થાન સરકારના વિભાગીય અધિકારીઓ દ્વારા માત્ર થીગડાં મારીને લખો રૂપિયાના બિલ મુકીદેતા હોવાનું પણ ભારે ચર્ચાસપર્દ બન્યું છે. જોકે સિરોહી જિલ્લાનાઁ ઉઢ્ઢ વિભાગના અધિકારી સી.આર.માથુર નું કેહવું છે કે અંબાજી અબુ રોડ નો માર્ગ નવો બનાવ માટે કેન્દ્રીય સડક નિધિ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર ને રજૂઆત કરાઈ છે. અને અંદાજે અંબાજી અબુ રોડ વચ્ચે નો રોડ બનાવા માટે રૂપિયા ૧૦.૩૫ કરોડ જેવી માતબર રકમ નો પ્રસ્તાવ મુકવામાં આવ્યો છે. અને તેની મંજૂરી મળતાજ આ માર્ગ ની નવીની કારણ નું કામ હાથ ધરાશે. પર્યટકો એવી અપેક્ષા રાખીને બેઠા છે કે આટલી મોટી રકમ આ ૧૫ કિલોમીટર ના માર્ગ માટે મંજુર કરવાનો પ્રસ્તાવ મુકાયો હોય તો આ માર્ગ ને ૪ લાઈન માર્ગ બનાવો જોઈએ અને વળાંક પણ ઓછા કરવા જોઈએ જેથી કોઈ અકસ્માતો પણ ન સર્જાય.



# અમેરીકાના પ્રોફેસરોએ સાબરકાંઠા બેન્કની મુલાકાત લીધી

આજરોજ અમેરીકાના વિવિધ સ્ટેટના મહિલા પ્રોફેસરે હિંમતનગર ખાતે સાબરકાંઠા બેન્કની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે બેન્કના ચેરમેન મહેશભાઈ એ. પટેલે જણાવેલ કે, ૨૮ ડીસેમ્બર થી આવેલા પ્રોફેસરોને આપણી સંસ્કૃતિ તેમજ આપણી રહેણી કરણીથી પ્રભાવીત થયા છે. અહીં ની વિવિધ જગ્યાએથી મુલાકાત-અભ્યાસ કરી તેઓ વિદેશમાં પણ તેમણે ઈન્ડીયન અભ્યાસક્રમ કેવી રીતે સરક્રતાથી બનાવવાય તેના માટે પણ ત્યાં જઈને કામ કરશે જયારે વિદેશી પ્રોફેસરોએ પણ જણાવેલ કે, અમને ભાષામાં થોડી તકલીફ પડે છે પરંતુ અહીં એકાત્મતા-માનવવાદ અને ધાર્મિક સંસ્કૃતિ અદભૂત છે. અહીંના ચેરમેન મહેશભાઈ પટેલે કોઓપરેટીવ બેન્કીંગ ક્ષેત્રે શુ કામગીરી થઈ રહી છે તે જણાવેલ જેથી અમે પણ પ્રભાવીત થયા છે અને તેમનો આભાર માનીયે છીએ. મહીલા પ્રોફેસર ચાર્લી થોમસ-પ્રોફેસર ફીલોસોફી, મર્સર યુર્નીવરસીટી જયોર્જીયા, ગેનલ ફોર નીયર ફાર્મસીસ્ટ-એટલાન્સ, મેરીલ ડેવીશ(નોર્થ કેરેલીના) અમેરીકા મુલાકાત કરેલ. આ પ્રસંગે મનુભાઈ પટેલ, બેન્ક ચીફ એકઝીક્યુટીવ એચ.પી.નાયક, હરીશભાઈ પટેલ, દુષ્યંત પટેલ, બેન્ક અધિકારીગણ વગેરે ઉપસ્થિત રહેલ.

# ધાનેરા નગરપાલિકા દ્વારા ગરીબોના લારી-ગલ્લા હટાવી લેવાયા

## પ્રમુખ પતિએ કરેલું દબાણ દૂર કરો નહીંતર અમે જલદ આંદોલન કરશું : ગરીબ લારી-ગલ્લાવાળા

ધાનેરા નગરપાલિકા આજે ફરી ગરીબો ના દબાણ હટાવતા ધાનેરા માં ભારે નારાજગી નો માહોલ જોવા મળ્યો હતો તો બીજી તરફ ગરીબો ના લારી ગલ્લા વાળાઓ જણાવ્યું હતું કે પહેલા પાલિકા પ્રમુખ પતિએ કરેલું દબાણ હટાવો અને પછી અમારું દબાણ હટાવવા આવો અને જો આમ નહિ કરવામાં આવે તો અમે આંદોલન કરશું

ધાનેરા નગરપાલિકા ધ્વરા આજે જે ગરીબ લોકો લારી ઉપર અને ગલ્લા ઉપર વેપાર કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા એવા ગરીબ વેપારીઓ ના લારી ગલ્લા આજે ફરી વાર દબાણ ના બહાને ઉપાડી લેતા ધાનેરા માં ભારે નારાજગી નો માહોલ જોવા મળ્યો હતો તો બીજી તરફ ધાનેરા માં ચોરે ને ચોંટે એક જ વાત સાંભળવા મળી રહી છે કે પાલિકા પ્રમુખ ના પતિ નટુભાઈ ધ્વરા ધાનેરા મધુસુદન માર્કેટ ના પાછળ ના ભાગ માં ભારે દબાણ કરી જગ્યા ભાડે આપી દેવા માં આવી છે છતાં પણ પાલિકા ના સત્તાધીશો ને આ દબાણ દેખાતું



નથી અને જે ગરીબો પોતાની રોજી રોટી રળી ખાય છે તેમને વારંવાર હેરાન કરવામાં આવી રહ્યા છે ત્યારે ગરીબો પણ જણાવી રહ્યા છે કે જો પાલિકા ધ્વરા પ્રમુખ પતિ એ કરેલું દબાણ હટાવવા માં નહિ આવે તો અમે ઉગ્ર આંદોલન કરશું અને જરૂરી-જરૂરી જિલ્લા કલેક્ટર ને અપીલ પણ કરી હતી કે આપ સાહેબ પાલિકા ના પ્રમુખ પતિએ કરેલું દબાણ પણ ખુલ્લું કરવો હવે જોવાનું એ રહે છે કે પાલિકા પ્રમુખ પતિએ કરેલું દબાણ હટે છે કે પછી લોકો આંદોલન કરે છે તેતો આવનારો સમય જ બતાવશે.

## ધાણા ગામે પાણીનો બોર શરૂ થતા પ્રજામાં આનંદ

ધાનેરા, તા. ૪

ધાણા ગામે લાંબા સમયથી ગામનો પાણીનો બોર બંધ હાલતમાં પડ્યો હતો. લોકો દ્વારા રજૂઆત કરવા છતાં પણ ગામના સરપંચ ગામલોકોનું સાંભળવા તૈયાર ન હતા. ત્યારે આજે નવા જીતેલા સરપંચ તેમજ સભ્યો એન ગામ લોકોની ભાગીદારીથી પાણી બોર ફરી ચાલુ કરતા લોકોમાં ભારે ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

લાખણી તાલુકાના ધાણા ગામે છેલ્લા પંદર મહિનાથી ગામનો પાણી બોર બંધ હાલતમાં પડ્યો હતો લોકો દ્વારા રજૂઆત કરવા છતાં પણ ગામના સરપંચ આ બોર ચાલુ ન કરાવતા લોકોમાં ભારે નારાજગી જોવા મળી હતી તે બાદ આજે નવા જીતેલા સરપંચ સભ્યો અને ગામલોકોની ભાગીદારીથી આ બોર ચાલુ કરતા લોકોમાં ભારે ખુશીનો માહોલ જોવા મળ્યો હતો તો બીજી તરફ ગામ લોકોએ જણાવ્યુ હતુ કે આ બોરની મોટર પડી જતા બોર બંધ થયો હતો અને આ બોર સામાન્ય ખર્ચથી ચાલુ થઈ શકે તેમ હતો છતાં પણ ગામના જુના સરપંચ દ્વારા મનમાની ચલાવી આ બોરને રદ કરાવી નવા બોરની માંગણી કરી હતી.

# પાલનપુરમાં મહિલાઓ દ્વારા ગંદા પાણીની સમસ્યાના નિકાલ માટે કલેક્ટરને રજૂઆત કરી

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકામાં પ્રથામિક સુવિધા ના અભાવે પડી રહેલી તકલીફો ને આજદિન સુધી કોઈ ઉકેલ આવ્યો નથી ભાજપ ની પાલિકામાં ભાજપ ની મહિલા કાર્યકર્તા ઓની રજુઆત શહેરના સામાન્ય નાગરિકો ની સુ હાલત હશે પાલનપુર શહેરના વોર્ડ નં ૭ ના વિસ્તાર ની સ્થાનિક મહિલા



લઈને સ્થાનિક મહિલાઓ આજે ભાજપ નું ખેસ પહેરની જિલ્લા કલેક્ટર કચેરી એ અધિક કલેક્ટર ને રજૂઆત કરવા આવી પોહચી હતી છેલ્લા છ માસ થી સ્થાનિક મહિલા ભાજપ કાર્યકર્તાઓ એ પાલિકા સતાધીસો ને અનેક વાર રજૂઆત કરવા છતાં સમસ્યા નું ને નજર અંદાજ કરતા શાસનકર્તાના નઘરોળ વહીવટ નો વિરોધ દર્શાવ્યો હતો જે પાલિક માં મહિલા ભાજપ પ્રમુખ હોય એ પાલિકા માં જો પોતાના વિસ્તાર ની સમસ્યા માટે મહિલા ભાજપ કાર્યકર્તાઓની રજૂઆત કર્યા ને જો છ માસ સુધી કામ થતા ના હોય તો પાલનપુર કાર્યકર્તાઓ ભાજપ ના ખેસ લગાવીને જિલ્લા કલેક્ટર રજૂઆત કરવા આવેલા દ્રશ્યો જોઈને એવું લાગી રહ્યું છે કે પાલનપુર ભાજપ શાસિત પાલિકા માં વિપક્ષ ભૂમિકા માં નિષ્ફળ ગયેલ કોંગ્રેશ ને પણ હવે વિરોધ પક્ષ ની ભૂમિકા ભજવાની જરૂર નથી.

## મોઢેરા સુર્યમંદિર ખાતે ઉત્તરાર્ધ મહોત્સવ યોજાશે

મહેસાણા, તા.૪

મહેસાણા જિલ્લાના સુપ્રસિધ્ધ મોઢેરા સુર્યમંદિર ખાતે દ્વિ દિવસીય ઉત્તરાર્ધ મહોત્સવ યોજાનાર છે. ૨૮ અને ૨૯ જાન્યુઆરીના રોજ યોજાનાર દ્વિ દિવસીય મહોત્સવમાં સુપ્રસિધ્ધ કલાકારો પરફોર્મન્સ આપનાર છે. આ મહોત્સવની તૈયારી સંદર્ભે જિલ્લા કલેક્ટર આલોક કુમારના અધ્યક્ષ સ્થાને બેઠક યોજવામાં આવી હતી. જેમાં જિલ્લાના વિવિધ અધિકારીઓને કામગીરી સોંપવામાં આવી હતી. આ બેઠકમાં આમંત્રણ પત્રિકા તૈયાર કરવી, પ્રચાર-પ્રસારની વ્યવસ્થા, લાઈટ, સ્ટેજ મંડપ, સાઉન્ડની વ્યવસ્થા, સફાઈ, સ્ટેજ સુશોભન, બેઠક વ્યવસ્થા, ભોજન અને પીવાના પાણીની વ્યવસ્થા, કાયદો, પાર્કિંગ, ફાયર બિગ્રેડ, વીજપુરવઠો, કલાકારોની વ્યવસ્થા સહિતની તમામ વ્યસ્થાઓની સમીક્ષા કરાઈ હતી. જિલ્લા કલેક્ટર આલોક કુમારે જણાવ્યું હતું કે મોઢેરા ઉત્તરાર્ધ મહોત્સવ આંતર રાષ્ટ્રીય મહોત્સવ છે.

# અંબાજીમાં વધુ એક નાણાકીય સંસ્થા ઉઠી જવાની ચર્ચા

પરપોટાની જેમ ઉગી નિકળેલી ક્રેડિટ સોસાયટીઓ ને પ્રાઈવેટ લિમિટેડ કંપનીઓ લોકોને વધુ વ્યાજની લાલચ આપી પ્રજાના રૂપિયા એકઠા કરી પલાયન થઈ જવાના કિસ્સાઓ દિન પ્રતિદિન જોવા મળી રહ્યા છે.

યાત્રાધામ અંબાજી માં અગાઉ સારું થયેલી મળતી સ્ટેટે ક્રેડિટ સોસાયટીઓ જેમાં સંજીવની, નવજીવન, ખેતેશ્વર જેવી સોસાયટીઓ લોકોના પૈસા એઠી ને પલાયન થઈ ગયા હોવાના કિસ્સાની વાતો હજી ભુલાઈ નથી. ત્યારે આવીજ એક વિશ્વામિત્ર પ્રોડકટર કંપની લિમિટેડ જે મૂળ મુંબઈ મહારાષ્ટ્ર ની છે. જેની એક શાખા યાત્રાધામ અંબાજી ખાતે શરૂ કરી હતી જેમાં છેલ્લા ત્રણ એક વર્ષથી લોકોના માસિક બચત ના ખાતા ખોલી મોટી રકમ એકત્રિત કરાઈ હતી ને આ સંસ્થા ની ઓફિસ એકા એક લાંબા સમય થી બંધ જોવા મળતા ગ્રાહકોમાં ભારે આંચકો અનુભવાયો હાતો ને પોતાના મુકેલા નાણાં ની મુદત પૂર્ણ થવા છતાં તેમને પૈસા ન મળતા પોતાના સાથે ઠગાઈ થઈ હોવાનો આક્ષેપ કરી રહ્યા છે. જોકે આ વિશ્વ મિત્ર પ્રોડક્ટર કંપની લિમિટેડ ની અંબાજી ઓફિસ બંધ કરી દઈ તમામ સામગ્રી મહિલા મેનેજર પોતાના ઘરે લઈ ગઈ હોવાનું માલુમ પડતા સંસ્થામાં એજેન્ટ તરીકે કામ કરનાર કેટલાક ગ્રાહકોને લઈ મેનેજર ના ઘરે પોચીયા હતા ને પોતાના દ્વારા ખોલાયેલા ખાતા વારા ગ્રાહકોને નાણાં ચુકવણી રજુવાત કરાઈ હતી.

આ તમામ ભોગ બનનાર ગ્રાહકોને જોઈ મહિલા મેનેજર ડગાહી ગઈ હતી. પોતે આ સંસ્થા માંથી રાજીનામુ આપી દીધુંછે તેમ કહી પોતાનો પાંગળો બચાવ કર્યો હતો.